ગાંધીનગર સમાચાર
તા. ૫-૫-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### દૂધ માફિયાની દાદાગીરી

ક્યારેક એવો પણ સમય હતો કે દૂધ વેચવું એ પાપ ગણાતું. 'ગોરસ' વહેંચાય, વેચાય નહીં- એવી શાસ્ત્રાજ્ઞા હતી. સમય જતાં બધું જ વેચાવા માંડ્યું એટલે એ આમન્યા તૂટી. એમાં કશું ખોટું પણ નહતું. ખેડૂત- પશુપાલક એનાં પશુને સાચવે-સંભાળે અને એના દૂધથી ઘરનાં બાળકો ઉપરાંત ગામનાં લોકોને પણ દૂધ ઉપલબ્ધ કરાવે, એમાંથી બે પૈસા કમાય, એ વાજબી હતું. ભઠ્ઠાવાળા ઓછા ભાવે દૂધ લઈ તગડી કમાણી કરતા હતા, તે જોઈને ચરોતરના ત્રિભોવનદાસ, મહેસાણાના માનસિંહભાઈ, બનાસકાંઠાના ગલબાભાઈ કે સાબરકાંઠાના ભૂરા ખોડા જેવા ગ્રામીણ આગેવાનોએ કુરિયનની સલાહને અનુસરીને દૂધ સહકારી સંઘો સ્થાપ્યા, જે શ્વેતક્રાંતિમાં પરિણમ્યા. ગરીબ ખેડૂત અને પશુપાલકો બે પાંદડે થયો, ઊજળાં લૂગડાં પહેરતો થયો. ગામડાની અભણ વિધવા પણ બે દુધાળાં જાનવર જોગવીને માતબર 'પગાર' મેળવતી થઈ. ત્યાં સુધી તો આ સહકારી દૂધ ઉદ્યોગ ઘણી સાત્વિક પ્રવૃત્તિ હતી, પરંતુ સમય જતાં દૂધ ઉદ્યોગમાં રાજકારણ પ્રવેશ્યું અને ગામે ગામ ડેરીઓનાં થાણાં એ રાજકારણના અખાડા બનતાં ચાલ્યાં. મોટા ભાગે સમાંતર સત્તા સ્થાન ગણાતાં આ થાણાં પર કબજો જમાવવા માટે બેઉ મહત્વના રાજકીય પક્ષો વચ્ચે હૂંસાતૂંસી પણ ચાલતી રહી છે. 'અમૂલ' બ્રાન્ડ દુનિયાભરમાં શ્વેત ક્રાંતિનું પ્રતીક જરૂર ગણાય છે, પરંતુ સામે એ જ સહકારી સંઘ પર કબજો મેળવવા સહકારી નેતાઓ વચ્ચે ગળાકાપ હરીફાઈ ચાલતી રહે છે, તે કોણ નથી જાણતું? ચૂંટણીઓમાં આ બધા નેતાઓની એક જુદી જ જમાત સક્રિય રહે છે. અમૂલના ચેરમેનને લોકસભાની ટિકિટ આપવી પડે છે. કોંગ્રેસનો સહકારી પ્રવૃત્તિ ઉપરનો કાબૂ ધીરે ધીરે ઓસરતો રહ્યો છે. ભાજપના નેતાઓએ અમૂલ સિવાયની મોટાભાગની ડેરીઓ અને સહકારી બેંકો કબજે કરી લીધી છે. સરકારનું સહકારી સંસ્થાઓ ઉપર પૂરતું નિયંત્રણ નથી એટલે એ પ્રજાવિરોધી ગણાય તે હદે વરસમાં ચાર વાર ભાવવધારો ઝીંકે તો પણ સરકાર કશું જ કરી શકતી નથી. દૂરના ભાવવધારાથી પેલા પશુપાલકને તો નામનો જ ફાયદો પહોંચે છે- બલકે ખરેખર કેટલો પહોંચે છે તે પણ તપાસનો વિષય છે. બીજી તરફ મધ્યમવર્ગ અને નીચલા ઘરની ગૃહિણીઓ માટે એ કમ્મરતોડ ફટકો બની રહે છે. બાળકોને દૂધથી વંચિત રાખવાં પડે એવા સંજોગો આવી ગયા છે. પ્રજામાં અગાઉ જેવી આંદોલનવૃત્તિ કે પડકાર કરવાની ક્ષમતા બચી નથી. દૂધમાફિયાની દાદાગીરી સામે ખુદ સરકાર જ લાચાર હોય ત્યાં બિચારી-બાપડી ગૃહિણીઓને કોણ પૂછે છે? આજે જીવનની અનિવાર્ય જરૂરીયાત બની ગયેલી દૂધ જેવી વસ્તુ પર સરકારનું કોઈ નિયંત્રણ ન હોય તે ખરેખર શોચનીય બાબત છે. દીધના ભાવવધારા માટે 'દૂધ માફિયા' પશુપાલકોને પોસાતું નહીં હોવાનાં બહાનાં આગળ ધરતા રહે છે, પરંતુ હકીકત કંઈક જુદી જ હોય છે. સહકારી નેતાઓ રાજકારણમાં પડેલા નેતાઓ કરતાં પણ વધારે સુખ સાયબી ભોગવે છે અને ખેડૂતો-પશુપાલકોના નામે પોતે તાગડધિન્ના કરે છે. શું આ પરિસ્થિતિ આમ જ ચાલ્યા કરવાની છે? પ્રજાએ અને સરકારે દૂધ માફિયાને નાથવા લાલ આંખ કરવાનો સમય પાકી ગયો હોય એમ નથી લાગતું?

# ગાંધીનગરમાં વેકેશન દરમિયાન શિબિરો અને વર્કશોપની ભરમાર

## ગીત-સંગીત-નાટ્યથી લઈને સ્પોર્ટ્સ અને વ્યવસાયલક્ષી કોચીંગ કેમ્પસનું આયોજન : હસ્તકળા, ક્રાફ્ટ, ગ્લાસ પેઈન્ટીંગ ઉપરાંત સ્પોકન ઈંગ્લિશ અને ક્રિકેટ કોચીંગનો વધતો મહિમા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરની શાળાઓમાં ઉનાળુ વેકેશનનો પ્રારંભ થઈ ગયો છે અને શાળા સંકુલો સૂમસામ બની ગયા છે. જો કે ઉનાળાના વેકેશન પ્રારંભ થતા જ શહેરમાં વિવિધ શિબિરો અને સમરકેમ્પના આયોજનો ઠેર ઠેર થઈ ગયા છે. જેમાં બાળકો સ્પોર્ટ્સ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ચિત્રકળા, ક્રાફ્ટ અને ગીતસંગીત જેવી રચનાત્મક પ્રવૃત્તિઓ પણ શીખી રહ્યા છે. વેકેશનમાં સ્પોકન ઈંગ્લિશ અને હેન્ડરાઈટીંગના વર્ગો પણ હાઉસફુલ જઈ રહ્યા છે.

ઉનાળાના વેકેશનની કાગડોળે રાહ જોઈ રહેલા બાળકોને આ રજાઓ દરમ્યાન કંઈક નવું શીખવાના આશયે વાલીઓ સમરકેમ્પ કે સ્પોર્ટ્સ કોચીંગ માટે મોકલીને રજાઓનો સદ્ઉપયોગ કર્યાનો સંતોષ મેળવી રહ્યા છે. ગાંધીનગરની વિવિધ શાળાઓ અને અનેક સેવાભાવી સંસ્થાઓ દ્વારા શિબિરો અને સમરકેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સરકારી સંસ્થાઓ જેવી કે ચિલ્ડ્રન યુનિવર્સિટી, જીમખાના અને સ્પોર્ટ્સ ઓથોરીટી દ્વારા પણ વેકેશન માટે સમરકેમ્પ અને કોચીંગ કેમ્પ યોજવામાં આવ્યા છે. તાજેતરમાં જ ગાંધીનગરના સેક્ટર-૧૯માં આવેલ સરકીટ હાઉસના પાછળના ભાગે આવેલ આયુર્વેદિક નર્સરીમાં આત્મન ફાઉન્ડેશન સંસ્થા દ્વારા શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં બાળકોને ગીત-સંગીત, અભિનય, વક્તૃત્વ, ચિત્રકલા, ક્રાફ્ટ વર્ક અને રમતગમત વગેરે વડે બાળકોને મનોરંજન સાથે ક્રિએટીવીટી શિખવાડવા કોશીષ કરાઈ હતી. આ ઉપરાંત સેક્ટર-૬ના બગીચામાં તાજેતરમાં જ ટેકવોનડો સંસ્થા દ્વારા બાળકોને કરાટે અને માર્શલ આર્ટ શીખવાડવામાં આવી હતી.

અત્યારે ગાંધીનગરની વિખ્યાત સંસ્થા કલરવ દ્વારા રંગમંચ આધારિત નૃત્ય, નાટ્ય, અભિનયને લગતી લગભગ આઠેક કલા શીખવતી દસ દિવસીય શિબિર યોજાઈ છે. શહેરના બાળકોમાં રહેલુ સુષુપ્ત શક્તિઓને ઓળખી તેને બહાર લાવી નિખારવાના પ્રયાસરૂપે આ શિબિર યોજવામાં આવી છે. આ જ પ્રકારની અન્ય એક શિબિર કુડાસણની સ્કૂલ ઓફ એચિવર્સ દ્વારા પણ આયોજિત કરાઈ છે. સેક્ટર-૨૩માં આવેલ પ્રસિદ્ધ કડી શિક્ષણ સંકુલમાં આવેલ લલિતકલા એકેડેમી દ્વારા પણ ગીત, સંગીત વાદ્ય અને નૃત્યને લગતા અલગ અલગ કોચીંગ દર વર્ષે વેકેશનમાં ચલાવવામાં આવે છે. જે લગભગ બે મહિના સુધી ચાલે છે. લલિતકલા એકેડેમીના આ વેકેશન કોર્સ વાલીઓમાં ખૂબ જ પ્રખ્યાત છે. લલિતકલાની સાથે જ ચાલતા મમતા સ્પોર્ટ્સ સેન્ટર દ્વારા પણ બાળકોને ચેસ, કેરમથી લઈને સ્કેટીંગ, બાસ્કેટબોલ, ક્રિકેટ અને એરરાઈફલ શુટીંગ જેવી રમતોના વેકેશન કોર્સીસ પણ ચલાવવામાં આવે છે. જેમાં બાળકો મોટી સંખ્યામાં ભાગ લઈ રહ્યા છે. સેક્ટર-૨૩માં જ આપેલા નિસર્ગ સાયન્સ સેન્ટરમાં પણ તા. ૧લી મે થી ૧૦ મી મે સુધી રાત્રે ૮ થી ૧૦.૩૦ વાગ્યા દરમ્યાન સાયન્સ ફિલ્મનો શો યોજવામાં આવી રહ્યો છે. તદ્ઉપરાંત આ સાયન્સ સેન્ટર ખાતે તા. ૧૪મી મે થી ૨૨મી મે દરમ્યાન સવારે ૯ થી ૧૨ વાગ્યાના સમયે સાયન્સ વર્કશોપ પણ યોજનાર છે. લગભગ દરેક ખાનગી શાળાઓમાં વેકેશન માટે સમરકેમ્પ અથવા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

બીજી તરફ સરકારી સંસ્થાઓ જેવી કે ચિલ્ડ્રન યુનિવર્સિટી, સરકારી જીમખાના અને સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા પણ વિવિધ આયોજન હાથ ધરાયા છે. સ્પોર્ટ્સ ઓથોરીટીના સાંઈસંકુલ ખાતે બાળકોને ક્રિકેટ કોચીંગના વર્ગો ચલાવાઈ રહ્યા છે તો જીમખાના ખાતે પણ ક્રિકેટ કોચીંગનું આયોજન કરવામાં આવ્યું છે. ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે બાળકોને લગતી રચનાત્મક પ્રવૃત્તિઓને કેન્દ્રમાં રાખીને શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શહેરમાં હસ્તકળા, ચિત્રકળા, વેસ્ટમાંથી બેસ્ટ, ગ્લાસ પેઈન્ટીંગ, મહેંદી, બ્યુટીપાર્લર અને ક્રાફ્ટના વર્ગો વિવિધ સંસ્થાઓ દ્વારા વેકેશનને કેન્દ્રમાં રાખીને આયોજિત કરાયા છે. એક અંદાજ મુજબ લગભગ દર સેક્ટરે બે થી ત્રણ વેકેશન શિબિર, સમરકેમ્પ કે અન્ય વર્કશોપનું આયોજન શહેરમાં કરાયું છે.

# શહેરમાં સૌ પ્રથમ વખત બોહરા સ્ટુડિયો ખાતે ડી.જે. રેઈન ડાન્સ યોજાયો



ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર કોબા હાઈવે પર આવેલ બોહરા સ્ટુડિયોમાં કાળઝાળ ગરમીથી બચવા માટે ડી.જે. રેઈન ડાન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. નગરના યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ડી.જે. ડાન્સનો આનંદ માણ્યો હતો.

ઉનાળાની કાળઝાળ ગરમીથી બચવા માટે યુવાનો નીત નવા અખતરાઓ કરતા હોય છે ત્યારે શિવ ઈવેન્ટ એન્ડ એન્ટરટેઈનમેન્ટ દ્વારા સિટીપલ્સ સિનેમા પાસેના બોહરા સ્ટુડિયો ખાતે નગરમાં સૌ પ્રથમવાર ડી.જે. રેઈન ડાન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૌ પ્રથમવાર યોજાયેલ રેઈન ડાન્સથી ગાંધીનગર અને અમદાવાદના યુવાનોએ મસ્તીથી આનંદ મેળવ્યો હતો. અંગ દઝાડતી ગરમીમાં યુવકો અને યુવતીઓ ડી.જે.ના તાલ સાથે તાલ મિલાવી ગરમીમાં ઠંડક મેળવતી હતી. ડી.જે. રેઈન ડાન્સમાં અવનવા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ગીતો પર યુવાધન મન મુકીને ઝુમ્યુ હતુ.

શહેરમાં ગરમીનો પારો ૪૦ ડીગ્રી વટાવી ગયો છે. અને દિવસે-દિવસે ગરમીમાં ઉતાર-ચઢાવ જોવા મળે છે. ત્યારે નગરના નાગરીકો ગરમીમાં શેકાઈ જાય છે. ત્યારે નાગરીકો ઠંડક મેળવવા માટે વોટરપાર્કનો પણ સહારો લેતા હોય છે. ત્યારે આજે નગરમાં યોજાયેલ ડી.જે. રેઈન ડાન્સથી યુવાનોએ મોજથી કાર્યક્રમ માણ્યો હતો.

## હરિની દૃષ્ટિ...




આપણી સાથે ચરવા આવતો ગધેડો કહેતો હતો, મતદાર પછી તરત ભાવ વધવાના...!!



અસહ્ય તાપ અને તડકાથી બચવા બપોરના સમયે શ્રમિક ઘડી બે ઘડી ઝાડના છાંયા નીચે આરામ કરી શાંતિ મેળવે છે.

(તસવીર - કશ્યપ નિમાવત)

# ...વિરલ વધુ કમાતો ગયો તેમ તેમ વિરલમાં એક દુર્ગુણે પ્રવેશ કર્યો તે દુર્ગુણ 'દારૂ સેવન'

**મહિલા સમાજ અને કાયદો - અંક-૪૨**

ડો. ભાવના કે. જોશીપુરા

પરીણિત સ્ત્રીના જીવનમાં અલગ અલગ પ્રકારે સમસ્યાઓ ઉભી થતી હોય છે, મોટાભાગે સ્ત્રી સહજ સ્વભાવ એ પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધવાનો હોય છે, સ્ત્રી પોતાની આત્મ સૂઝથી નાની અને નગણ્ય સમસ્યાઓને સુલઝાવી લે છે. લગ્ન વિષયક તકરારમાં સૌથી મોટો પ્રશ્ન એ આશ્રય સ્થાન અંગેનો છે. ગત અંકમાં આપણે સહિયારા ઘરમાં રહેવાનો અધિકાર તે અંગે ચર્ચા કરી રહ્યા હતા.

મીનાની ચર્ચા ચાલુ છે અને આ કોલમનો આ અંક જયારે લખી રહી છું ત્યારે જ મોબાઈલમાં એક વ્યથિત ગૃહિણીનો ફોન આવે છે. તેણી જણાવી રહી છે કે જો તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવો તો તેણીનો એટલે કે સીમાનો જાન જોખમમાં છે, હજુ તો સીમાની ફોનમાં વાત ચાલુ હતી અને ફોનમાં વાત કપાય જાય છે, એક જ સેકન્ડ પછી સીમાની માતાનો ફોન આવે છે. સીમાની માતા જણાવે છે કે સીમાનો પતિ સીમા તથા દિકરીને માર મારે છે અને ઘરમાંથી બહાર નિકળી જવા વારંવાર ધમકી આપે છે. સીમાના મમ્મીને સલાહ કેન્દ્ર ઉપર આવવાની સુચના આપવામાં આવે છે. જો સીમાની માતા કેન્દ્ર ઉપર આવીને સીમા અંગેની વ્યથા-કથા રજૂ કરે તો તેને આધારે અમો પગલા લઈ શકીએ. સીમાની વ્યથા જોઈએ તો,

સીમા મધ્યમ વર્ગની એક દીકરી છે, સુશિક્ષિત છે અને તેના લગ્ન વિરલ સાથે થયા છે. વિરલ અને સીમાના સુખી લગ્ન જીવનથી એક દિકરી પણ છે જેનું નામ રોમા છે. સીમા અને વિરલના લગ્નજીવનમાં ધીમે ધીમે સમસ્યા ઉભી થાય છે. વિરલ વધુ કમાતો ગયો તેમ તેમ વિરલમાં એક દુર્ગુણે પ્રવેશ કર્યો તે દુર્ગુણ 'દારૂ સેવન'. વિરલને દારૂની લતમાં કોઈ ભાન રહેતું નથી અને દારૂનો નશો ચડે છે ત્યારે સીમા અને પુત્રી રોમાને ખૂબ મારકૂટ કરે છે. દારૂના નશામાં ધંધામાં પણ બરાબર મન લાગતું નથી. દિવસે દિવસે વિરલની મારકૂટ વધતી જાય છે. વિરલ જયોર દારૂના નશામાં નથી હોતો ત્યારે તેનું વર્તન જુદા પ્રકારનું હોય છે અને દારૂના નશામાં હોય છે ત્યારે પણ વર્તન જુદા પ્રકારનું હોય છે. સીમા સાસુ-સસરાને પણ આ બાબત જણાવે છે. સીમાને જાણવા મળે છે કે જેમ વિલ સીમાને હેરાન કરે છે તેમ વિરલ તેના માતા-પિતાને પણ હેરાન કરે છે. આ બાબત ખૂબ સમજવા જેવી છે. આપણે હંમેશા એમ કહીએ કે દીકરીએ સહન કરવું તેની સાથે એવું પણ લાગે છે કે દરેક દિકરાને સ્ત્રી પ્રત્યેનો આદરભાવ એ જો નાનપણથી જ સંસ્કાર સ્વરૂપે વારસામાં મળે તો જ સાચા અર્થમાં સમાજમાં સ્ત્રી સન્માનની ભાવના મજબૂત થશે.

સીમાની વાત બહુ જ લાંબી છે, સીમા એક માત્ર દીકરીના કારણે વિરલ સાથે લગ્ન વિષયક જીવન તોડવા માંગતી નથી, પરંતુ સાથે સાથે સીમાને માર પણ સહન થતો નથી. સીમાના મનમાં વિચાર કરે છે કે જો વિરલ ઘરમાંથી કાઢી મુકે તો વિરલ ઘર પણ વેંચી નાખશે, વળી સીમા એક મધ્યમ વર્ગના પરિવારમાંથી આવે છે, તેણી પોતાના ભાઈ કે પિતા પર બોજ બનવાં માંગતી નથી. તેણી એમ વિચારે છે તેણીને ઘરમાં જ રહીને શું રક્ષણ મળી શકે ખરું?

લગ્ન વિષયક તકરારમાં હાલના સમયમાં મોટા ભાગની સ્ત્રીઓને પતિનું ઘર છોડવું નથી પરંતુ પતિના ઘરમાં થતાં ત્રાસ સંદર્ભે સુરક્ષા મળી શકે અને પતિના જ ઘરમાં સુરક્ષિત રહી શકે તેવી મનમાં લાગણી થાય છે.

સીમા અને મીનાના કેસ પરથી એક બાબત ચોક્કસ કે સ્ત્રીઓને સ્ત્રીઓને ઘરગથ્થું હિંસા સામે રક્ષણનો કાયદો ૨૦૦૫- આવતાં આ કાયદાની કલમ-૧૭ નીચે સહિયારા ઘરમાં જે રહેવાનો અધિકાર છે તે સૌથી વધારે અગત્યની બાબત લાગે છે. કાયદાની કલમમાં જોગવાઈ છે પરંતુ આ કાયાદની કલમ ૧૭માં જે બાબત જણાવી છે તેનો વહેવારમાં અમલ કઈ રીતે થાય તે બાબત સમજવી પણ જરૂરી છે.

જયારે કોઈપણ સ્ત્રીને એવું લાગે કે પોતાને પતિના ઘરમાં રહેવાનો અધિકાર છે અને તેણી તે ઘર છોડવા ન માંગતી હોય અથવા તો પતિ બળજબરીપૂર્વક ઘરની બહાર કાઢી મુકવા માંગતો હોય તેવી સ્થિતિમાં ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ અ-૧૮ન નચે રક્ષણ કઈ રીતે પ્રાપ્ત થઈ શકે તે બાબતની જોગવાઈ કરવામાં આવેલી છે.

***કલમ-૧૮ : રક્ષણ પૂરું પાડવાનો હુકમ***

મેજીસ્ટ્રેટ ભોગબનનાર વ્યક્તિ તે સામાપક્ષકારને સાંભળવાની તક આપ્યા બાદ પ્રાથમિક દૃષ્ટિએ પણ માનવાને એવું કારણ ઊભું થાય કે, ઘરેલું હિંસાની ઘટના બની હતી અથવા નજીકના ભવિષ્યમાં બનવાની છે તે સમયે નામદાર કોર્ટ સંજોગોને અનુલક્ષીને ભોગબનનાર વ્યક્તિની તરફેણમાં રક્ષણ પૂરું પાડવાનો હુકમ કરી શકે છે અને સામાપક્ષને (૧) ઘરેલું હિંસાનું કૃત્ય કરતા અટકાવવાનો, (૨) ઘરેલું હિંસાના કૃત્યમાં મદદગારી કરવા સંદર્ભે અટકાવવાનો (૩) ભોગબનનાર વ્યક્તિના કામના સ્થળે પ્રવેશ કરતા અટકાવવાનો અર્થાત ભોગબનનાર વ્યક્તિ જો બાળક હોય તો તેની સ્કૂલ કે જે જગ્યાએ ભોગબનનાર વ્યક્તિને વારંવાર જવા આવવાનું થતું હોય તેવી જગ્યાએ પ્રવેશ કરતા અટકાવવાનો (૪) ભોગબનનાર વ્યક્તિ સાથે વ્યક્તિગત રીતે, મૌખિક, લેખિત, વિજાણું સાધનોથી કે ટેલીફોનથી વાતચીત દ્વારા સંદેશાવહન કરતો અટકાવવાનું (૫) મેજીસ્ટ્રેટની પૂર્વ મંજૂરી લીધા સિવાય કોઈપણ પ્રકારની જામીનગીરીથી દૂર કરવા, બેંક લોકર ઓપરેટ કરવા, બેંક એકાઉન્ટ વારવાર સંદર્ભે અટકાવવાનો કે જે ભોગબનનાર વ્યક્તિ કે સંયુક્ત રીતે નામે હોય કે જેમાં બંને પક્ષકારોની વ્યક્તિગત કે સંયુક્ત માલિકીની સંપતિ કે સ્ત્રી ધન હોય તેને વાપરતા નિકાલ અટકાવવા સંદર્ભે (૬) ઘરેલું હિંસા બાદ ભોગબનનાર વ્યક્તિને કોઈ વ્યક્તિ કે તેના સગા મદદ કરે તેને ભોગ બનનાર વ્યક્તિના સગા મદદ કરે અથવા ભોગબનનાર વ્યક્તિના આશ્રિતોને ઈજા હિંસા પહોંચાડવાના પ્રયત્નો કરતા અટકાવવા સંદર્ભે, (૭) રક્ષણ પૂરું પાડવાના હુકમમાં અન્ય જે જે કૃત્ય કરતા અટકાવવા સંદર્ભે, આ તમામ પ્રકારના કૃત્ય કરતા અટકાવવા સંદર્ભે નામદાર કોર્ટમાં હુકમ કરી શકે છે.

***કલમનું વિવરણ :***

આ કલમમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે, બંને પક્ષકારોને સાંભળ્યા બાદ પ્રાથમિક દૃષ્ટિએ જો નામદાર કોર્ટને એવું લાગે છે કે, ઘરેલું હિંસા આચરવામાં આવી છે કે અથવા બનવવાની છે ત્યારે નામદાર કોર્ટ એ ભોગ બનનાર વ્યક્તિની તરફેણમાં રક્ષણ પૂરું પાડવાનો હુકમ કરી શકે છે. આ રક્ષણ આપવા અર્થેનો હુકમ એ નામદાર કોર્ટ એ સામાપક્ષકારને ઘરેલું હિંસાયુકત કૃત્ય કરવા અટકાવવા, મદદગારી કરવા, ભોગ બનનાર વ્યક્તિના કામના સ્થળે પ્રવેશ કરતા અટકાવવા અર્થાત ભોગબનનાર વ્યક્તિ જો બાળક હોય તેની સ્કુલ કે જે જગ્યાએ ભોગ બનનાર વ્યક્તિ વારંવાર જવા આવવાનું થતું હોય તેવી જગ્યાએ પ્રવેશ કરતા અટકાવવા, ભોગ બનનાર વ્યક્તિ સાથે કોઈપણ સ્વરૂપની વાતચીત કરતા અટકાવવા ભોગ બનનાર વ્યક્તિ તેમજ સામા પક્ષકારનું સંયુક્ત સાહસનું બેંક એકાઉન્ટ, બેંક લોકર વાપરતા અટકાવવા અને સ્ત્ર)ન અને અન્ય સંપત્તિઓનો નિકાલ કરતા અટકાવવાનો પણ રક્ષણ પૂરું પાડવાના હુકમમાં સમાવેશ કરી શકે છે.

આ બધી કલમો જણાવવાનો હેતુ એ વ્યથિત સ્ત્રીને સાચા અર્થમાં કાનૂન અંગેનો માર્ગદર્શન મળી શકે તે છે. આ કોલમ વાચીને પણ અનેક સ્ત્રીઓએ પોતાની વેદના વ્યકત કરી છે, આ જ કાયદાની વિશેષ કલમો સાથે મળીએ આવતે અંકે...

**બંને પક્ષકારોને સાંભળ્યા બાદ પ્રાથમિક દૃષ્ટિએ જો નામદાર કોર્ટને એવું લાગે છે કે, ઘરેલું હિંસા આચરવામાં આવી છે કે અથવા બનવવાની છે ત્યારે નામદાર કોર્ટ એ ભોગ બનનાર વ્યક્તિની તરફેણમાં રક્ષણ પૂરું પાડવાનો હુકમ કરી શકે છે**